ગાંધીનગર સમાચાર

### ચૂંટણી દેવમંદિરોમાં પણ નડી

# જિલ્લામાં ધાર્મિકસ્થાનોમાં ચૂંટણી દરમ્યાન આવક ઘટી

### પરીણામો બાદ આવકમાં વધારો !!

બાયડ, તા. ૨૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચૂંટણી દરમ્યાન ધાર્મિક સ્થાનોમાં આવક ઘટી હોવાનું જાણવા મળ્યુ છે. જ્યારે પરીણામ પછી જિલ્લાના કેટલાક દેવમંદિરોની આવકમાં વધારો થયાનું પણ બહાર આવ્યું છે.



જિલ્લામાં તા. ૨૨ નવેમ્બરથી ગ્રામ પંચાયતોની ચૂંટણીનું રણસીંગું ફુંકાયુ. ઉમેદવારી કરનારાઓએ દેવમંદિરોમાં માથુ ટેકવી જીત માટેની બાધા રાખી બસ ત્યારથી દેવમંદિરોની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો. ચૂંટણી અને ઠંડીની તિવ્રતા વધતાં દેવ મંદિરમાં દર્શનાર્થીઓ ઓછા પણ ચૂંટણી કાર્યાલયમાં લોકોની વધુ ભીડ જોવા મળી... ચૂંટણી ધંધા-રોજગારને જ નહી પણ દેવમંદિરોને પણ નડી હોવાનું જણાઈ રહ્યું છે. જિલ્લાના ખ્યાતિ પ્રાપ્ત દેવમંદિરોમાં ઓછી આવકથી સ્વાભાવિક જ વહીવટમાં તકલીફ ઉભી થાય પરંતુ હવે પરીણામો જાહેર થયા પછી વિજેતા ઉમેદવારો તેમના સમર્થકોએ જે દેવમંદિરમાં માથુ ટેકવવાની બાધા રાખી હતી ત્યાં વધુ દર્શનાર્થીઓની ભીડ સાથે દાનપેટીમાં મહત્તમ આવક શરૂ થયાનું જાણવા મળ્યું છે.

### આઝાદી કા અમૃત મહોત્સવ

# વડનગરના સમૃધ્ધ અને બેનમૂન વારસાને કાગળમાં કંડારવા માટે 'વડનગરનો વારસો' ચિત્ર સ્પર્ધા તાના-રીરી ગાર્ડન ખાતે યોજાઈ

### તાના-રીરી ગાર્ડન ખાતે ૭૫ વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો

મહેસાણા, તા. ૨૪

મહેસાણા જિલ્લાની ઐતિહાસિક નગરી વડનગરથી નાગરિકો પરિચીત થાય તે માટે "વડનગરનો વારસો" કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વડનગર ખાતે ૨૬ નવેમ્બરના રોજ મહેસાણા જિલ્લાની વિવિધ ૭૫ શાળાઓના ૧૫૦ વિધાર્થીઓ વડનગરના વિવિધ પ્રાચીન અને અર્વાચીન સ્થળોની મુલાકાત કરી હતી. ત્યાર બાદ ૦૪ ડિસેમ્બરના રોજ ૧૫૦ થી વધુ સાયક્લીસ્ટો મહેસાણાથી વડનગરની સાયકલ યાત્રા કરી હતી.

વડનગર ઐતિહાસિક અને સાંસ્કૃતિ રીતે વિશેષ મહત્વ ધરાવે છે. આ ધરતી પર ગજબની સાંસ્કૃતિક શક્તિ રહેલી છે. વડનગર સમૃધ્ધ અને બેનમૂન વારસો ધરાવે છે જે વડગનરની પ્રાચીન ગરિમાને વ્યક્ત કરે છે જે વારસો નાગરિકો સુધી પહોંચે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રયાસ થઈ રહ્યા છે.

જે અંતર્ગત વડનગર તાના-રીરી સમાધિ સ્થળ ખાતે ૭૫ વિધાર્થીઓએ વડનગરના ઐતિહાસિક સ્થળો કિર્તીતોરણ, હાટકેશ્વર મહાદેવ, શર્મિષ્ઠા તળાવ અને દરવાજાના ચિત્રો કાગળ ઉપર બાળકોની મૌલિકતા પ્રમાણે ચિત્રો દોર્યા હતા.









આ પ્રસંગે પ્રાન્ત અધિકારી એમ.એન.ડોડીયાએ જણાવ્યું હતું કે વડનગરના સમૃધ્ધ, સાંસ્કૃતિ, વારસાથી પરિચિત કરવાના હેતુથી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. 'વડનગરનો વારસો' ના ઐતિહાસિક સ્થળોને ઉજાગર કરવાના હેતુથી તાના-રીરી સમાધિ સ્થળ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલની પ્રેરણા અને માર્ગદર્શનથી વડનગર ખાતે વડનગરનો વારસો" અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૭૫ વિધાર્થીઓ સાથે વડનગરનો વારસો" ચિત્ર સ્પર્ધા તાના-રીરી ગાર્ડન ખાતે યોજાઈ હતી.

આ ચિત્ર સ્પર્ધામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તાર માધ્યમિકમાં અભ્યાસ કરતા અને ચિત્રકામમાં રસ ધરાવતા ૭૫ વિધાર્થીઓ વડનગર ખાતે આવી તાના-રીરી ગાર્ડન ખાતે ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ ધન્યતા અનુંભવી હતી. આ ચિત્ર સ્પર્ધાનું આયોજન ફાઈન આર્ટસ કોલેજ મહેસાણાના સહયોગથી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી વડનગર મામલતદાર રોહિતભાઈ, નગરપાલિકા અધિકારી મનોજભાઈ સહિત અધિકારીઓ, શિક્ષકો, બાળકો ઉપસ્થિત રહ્યા હતા

### આશાવર્કર તરીકે રાજીનામું આપી ચુંટણી લડ્યા

# બાયડ તાલુકાની ડેમાઈ ગ્રામ પંચાયતના સરપંચ તરીકે હેમલતાબેન સોલંકી

### પક્ષા-પક્ષીથી દૂર રહી ગ્રામપંચાયતના સર્વાંગી વિકાસની વાત દોહરાવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ તાલુકાની ડેમાઈ ગ્રામ પંચાયતના સરપંચ તરીકે હેમલતાબેન રમેશભાઈ (લાલાભાઈ) ઠાકોર ચુંટાઈ આવ્યા હતા. આશાવર્કર તરીકે રાજીનામું આપી સરપંચ પદની ચુંટણીમાં ઝંપલાવનાર મહિલા ઉમેદવારે પોતાની જીતનો સઘળો યશ મતદારો અને ટેકેદારોને આપીને આગામી ૫ વર્ષ દરમ્યાન પક્ષા-પક્ષીથી દૂર રહી ગ્રામપંચાયતના સર્વાંગી વિકાસ કરવાની વાત જણાઈ હતી. ગ્રામ પંચાયત વિસ્તારમાં પ્રજાની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે અને સ્વચ્છતા ગુરુમંત્ર બને તેવા પ્રયાસને અગ્રતા આપવાનું જણાવ્યું હતું. કોઈપણ હરીફો સાથે દ્વેશભાવ રાખવામાં નહિ આવે તેવું સ્પષ્ટ જણાવ્યું હતું.



જિલ્લાની ૧૮૬ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાયા પછી અનેક ગ્રામ પંચાયતોમાં યુવા ઉમેદવારોએ મેદાન મારી સરપંચ અને વોર્ડ બેઠકોમાં ચુંટાઈ આવ્યા છે. બાયડ તાલુકાની વિકાસશીલ ડેમાઈ ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણી આવતાં ૪ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું. ચતુષ્કોણીય જંગ જામ્યો અને સરપંચ પદે કોણ ચુંટાશે તે અંગે અનેક અટકળો મતદાન સુધી ચાલતી રહી. ડેમાઈ ગ્રામ પંચાયતમાં મતદારોએ બમ્પર મતદાન કર્યું અને પરીણામ જાહેર થયું ત્યારે હેમલતાબેન રમેશભાઈ ઠાકોર સરપંચ તરીકે ચુંટાઈ આવ્યા હતા. સરપંચ તરીકે ચુંટાયા પછી તેઓએ ગામના પ્રબુધ નાગરિકો, બુજર્ગો-વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા. તેઓએ ડેમાઈ ઉપરાંત ગ્રામપંચાયત વિસ્તારના તમામ પેટાપરાના સર્વાંગી વિકાસ કરવાની સાથે અનેક નવા વિકાસ કામો માટેનો રોડમેપ પણ જાહેર કર્યો છે. જ્યારે તેમની સામે જંગમાં ઉભા રહેલા ઉમેદવારોને મળીને પણ ડેમાઈ ગામના સર્વાંગી વિકાસમાં હાથથી હાથ મિલાવી કામ કરવાની ખાતરી આપી હતી.

### વિક્રમ વેતાળનું "મુંડન" જુલુસ નિકળશે!!

# જિલ્લામાં 'ઢીલા'ના નામે ઓળખાતા અધિકારીના કૌભાંડની ગુંજ ગાંધીનગર પહોંચી...

### મહીલા કર્મચારીઓને હલકી કોમેન્ટ કરતો હોવાની વાતો વહેતી થઈ

બાયડ, તા. ૨૪

જિલ્લામાં "ઢીલા"ના નામે ઓળખાતા નાયબ મામલતદાર કક્ષાના અધિકારીના કૌભાંડની ગુંજ ગાંધીનગર સુધી પહોંચી છે. અધિકારી મહાશય મહીલા કર્મચારીઓને હલકી કોમેન્ટ કરી પોતાની માનસિક વિકૃતિ સંતોષતો હોવાની વાતો વહેતી થતાં વિક્રમ વેતાળનું કોઈ મહીલા કર્મચારીના સગા દ્વારા ટુંકમાં જ માથે મુંડન કરી જુલુસ નિકળે તેવી ચર્ચા ચાલી છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીના કારણે કેટલાક સ્ફોટક પ્રકરણ દબાઈ ગયા હતા પરંતુ હવે કેટલાક સરકારી અધિકારી-કર્મચારીઓના કરતૂત બહાર આવવાની શરૂઆત થઈ શકે છે. જેમાં અધિકારી-કર્મચારીઓમાં 'ઢીલા' તરીકે પંકાયેલા અને અનાજ ખાવાની સાથે ડ્રાયફ્રૂટ આરોગતા મહાશયના કેટલાક કરતૂત સરકારી કચેરીનો વરંડો ઠેકીને બહાર આવ્યા છે. અને તેનું ૩ પાનાનું ડોઝીપર ગાંધીનગર સચિવાલયમાં ગતરોજ પહોચી ગયુ છે. કહેવાઈ છે કે 'ઢીલા' અધિકારીને મહીલા કર્મચારીઓને હલકી કોમેન્ટ કરવાની કુટેવ પડી છે. પરંતુ એક મહીલા કર્મચારીએ તેને સખણો રહેવા ચેમ્બરમાં જાટકી દીધા પછી કાનબુટ્ટી પકડી માફી તો માંગી પરંતુ વાંદરૂ ઘરડુ થાય પણ ગુલાંટ મારવાનું ન ભુલે તે ઉક્તિ અનુસાર બે-ત્રણ દિવસ પછી ઢીલો પાછો પોતાનું પોત પ્રકાશી દીધુ... અન્ય સાથી અધિકારીની હાજરીમાં ૨ મહીલા કર્મચારીઓ માટે અભદ્ર કોમેન્ટ કરીને ઓડીયો ક્લિપના રૂપમાં કેદ થઈ છે. ત્યારે વિક્રમ વેતાળને ભર શિયાળે માથે 'મુંડન'નો યોગ મંડરાયો હોય તેવું જણાઈ રહ્યું છે. ભૂત-ભુવામાં વધારે માનતો ઢીલો હવે બચવા માટે ક્યાં ક્યાં ભટકશે તેની પણ ગરમાગરમ ચર્ચા છે. કહેવાય છે કે ઢીલો એક જગ્યાએ જમવા ગયો ત્યાં પણ પોતાની હલકી મનોવૃત્તિ ઉજાગર કરતાં અડધુ ભોજન મુકી નાસી છુટવાનો વારો આવ્યો હતો. મામલો પોલિસસ્ટેશન સુધી પહોંચવાનો હતો પણ મોસાળના સગાઓની ઓળખાણ લાવી હાલ મામલો દબાવ્યો છે. જોઈએ ઢીલો અધિકારી વધુ ઢીલો થાય છે કે પછી ચુરમું થઈ જશે!!

# પાલનપુરના ટોકરીયા ગામે ખાનગી પેક્ટિસ કરતા બોગસ ડોકટર

### ડીગ્રી વગર મુન્ના ભાઈ લોકોના આરોગ્ય સાથે ચેડાં : વેડંચા પીએચસીના ફાર્માસિસટે દવા સહિત ૫૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

પાલનપુર તા.૨૪

પાલનપુર તાલુકાના ટોકરીયા ગામે એક બોગસ ડોકટર સારવાર ના બહાને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યો હોય વેડંચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમે ટોકરીયા ગામે ઓચિંતી રેઈડ કરીને ભાડાના મકાનમાં ચાલતા ખાનગી દવાખાના માંથી દવા ઈંજેક્શન સહિત રૂ.૫૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરી બોગસ ડોકટર વિરુદ્ધ ગઢ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી છે .

આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠાના સંવાદદાતા હરેશ જી. જોષીપાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર તાલુકાના ટોકરીયા ગામે મૂળ હિંમતનગરના ઈલોલનો મહમદ સીરાજ મસી નામનો શખ્સ ભાડા ના મકાનમાં કોઈપણ જાત ની મેડિકલ ડીગ્રી વિના ગેરકાયદેસર દવાખાનું ખોલી સારવારના બહાને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવાનું કૃત્ય આચરી રહ્યો હોય વેડંચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફાર્માસિસ્ટ દશરથભાઈ પરમારે ટોકરીયા ગામે ખાનગી પેક્ટિસ કરતા બોગસ ડોકટરના દવાખાના માં રેઈડ કરતા અહીં સ્ટેથો, ડાયાબિટીશ ઈન્સટુમેન્ટ જુદી જુદી દવા અને બોટલો મળી કુલ રૂ.૫૬૧૮૩ નો મુદ્દામાલ કબ્જે કરી ગેરકાયદેસર દવાખાનું ખોલી લોકોમાં સ્વાસ્થ્ય સાથે બેદરકારી ભર્યું કૃત્ય કરતા બોગસ ડોકટર મહમદ સીરાજ મસી વિરુદ્ધ ગઢ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# ધાનેરા આઈસીડીએસ વિભાગની બે મહિલા કર્મી લાંચ લેતાં ઝડપાઈ

### કુપોષણની સહાય આપવા રૂપિયા એક હજારની લાંચ માંગેલી

ધાનેરા તા. ૨૪

ધાનેરાના બાળ સંજીવની કેન્દ્રમાં ફરજ બજાવતી બે કરાર આધારિત મહિલા કર્મચારીએ બે બાળકીને કુપોષણ યોજનાની સહાય આપવા અરજદાર પાસે એક હજાર રૂપિયા ની લાંચ માંગતા એસીબી ની ટીમે છટકું ગોઠવી બન્ને મહિલા કર્મીને લાંચ લેતા ઝડપી પાડી હતી.

આ અંગે અમારા ધાનેરા ખાતે ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ધાનેરા ખાતે આવેલ આંગણવાડી કેન્દ્રમાં નોકરી કરતા બે મહિલા કર્મી ઓને આજે એન્ટી કરપ્શન બ્યુરો લાંચ લેતા રંગે હાથે ઝડપી લીધા હતા.

આરોગ્ય વિભાગના સંજીવની કેન્દ્રમાં ફરજ બજાવતા કરાર આધારીત ન્યુટ્રીશન આસિસ્ટન્ટ ટીનાબેન ડાયાભાઈ દેવડા અને કુક કમ હેલ્પર વસંતિબેન નરેન્દ્રભાઈ ચૌહાણે એક લાભાર્થીની બે બાળકીઓને આરોગ્ય વિભાગની કુપોષણ યોજના અંતર્ગત તેમને મળવાપાત્ર થતી સરકારી સહાય રૂ.૫૦૦૦ તેમના ખાતામાં જમા કરવાની કાર્યવાહી કરવા બાબતે બન્ને મહિલા કર્મીએ લાભાર્થી પાસે એક હજાર રૂપિયાની લાંચની માંગણી કરી હતી.

જોકે લાભાર્થી લાંચ આપવા માંગતા ન હોઈ તેમને એસીબીનો સંપર્ક કરતા પાટણ એસીબી પીઆઈ જે.પી.સોલંકીએ તેમની ટીમ સાથે ધાનેરા બાળ સંજીવની કેન્દ્રની સામે રોડ ઉપર છટકું ગોઠવ્યું હતું. જેમાં ન્યુટ્રીશન આસિસ્ટન્ટ ટીનાબેન ડાયાભાઈ દેવડા અને કુક કમ હેલ્પર વસંતિબેન નરેન્દ્રભાઈ ચૌહાણ લાભાર્થી પાસે થી એક હજાર લાંચ ની રકમ સ્વીકારતા બન્ને મહિલા કર્મી ને લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા હતા અને તેમની વિરુદ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેને લઈ લાંચ ની લત ધરાવતા કર્મચારી ઓમાં ફફડાટ ફેલાયો હતો

# ભિલોડાના વેજપુર ગામની વેજપુર ગ્રુપ ગ્રામ પંચાયત સરપંચ પદે જંગી બહુમતીથી યુવાન મહિલાનો વિજય

ભિલોડા,તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ અમરતભાઈ અળખાજી બરંડાના પુત્રવધુ મોનિકાબેન સચિનભાઈ બરંડાએ વેજપુર ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરપંચ પદે જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કર્યો છે.ગ્રામ પંચાયતની ચુંટણીમાં ભારે થી અતિભારે રસાકસીભર્યા ચુંટણી જંગમાં ૧૩૨૫ મત મેળવી જવલંત



વિજય હાંસલ કરતા સમર્થકો,ટેકેદારો સહિત સગાંસ્સંબંધીઓએ ફુલહાર પહેરાવી,અબીલ-ગુલાલ ઉડાડ્યો હતો.ફટાકડાની ભવ્યાતિભવ્ય આતશબાજી કરાઈ હતી.વાજતે-ગાજતે અબીલ-ગુલાલની છોળો વચ્ચે વિજય સરઘસ ડી.જે ના તાલે નિકળ્યું હતું.વેજપુર ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# વડનગરની કિશોરીને ઈન્સ્ટાગ્રામ પરનો પ્રેમ ભારે પડ્યો....!!

પાલનપુર તા.૨૪

વડનગરની એક કિશોરીને સોશિયલ મીડિયા પર એક યુવક સાથે પ્રેમ થતા યુવકે કિશોરીને લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી તેને ગર્ભવતી બનાવી હતી.

**બનાસકાંઠાના પરણિત યુવકે કિશોરીને લગ્ન કરવાની લાલચ આપી ગર્ભવતી બનાવી : પરીવારે ઘર માંથી હાંકી કાઢતા કિશોરીએ ૧૮૧ની શરણ લીધી**

બાદમાં કિશોરીને યુવક પરણિત હોવાનું માલુમ પડ્યું જેને લઈ કિશોરીએ પરીવારને જાણ કરતા પરીવારે કિશોરીને ઘર માંથી કાઢી મુકતા પીડિત કિશોરીએ ૧૮૧ મહિલા અભયમ નો સહારો લેતા તેને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી છે.

વડનગરની એક કિશોરીને બનાસકાંઠાના યુવક સાથે ઈન્સટાગ્રામ ઉપર પ્રેમ થતા બન્ને પ્રેમી અવાર - નવાર મળતા હતા. અને યુવકે કિશોરીને લગ્ન કરવાની લાલચ આપી જુદાજુદા સ્થળે ફરવા માટે લઈ જઈ શરીર સંબંધ બાંધતા કિશોરીને ગર્ભ રહી ગયો હતો. જેને લઈ કિશોરીએ યુવક ને લગ્ન કરવાનું કહેતા યુવક પોતે પરણિત અને એક સંતાનનો પિતા હોવાનું જણાવતા કિશોરી ભાંગી પડી હતી. અને પરીવારે પણ કિશોરીને ઘરમાંથી હાંકી કાઢતા પીડિત

કિશોરીએ બનાસકાંઠા ૧૮૧ અભિયમની મદદ લેતાં કાઉન્સેલર લક્ષ્મીબેન, મહિલા પોલીસ શિલ્પાબેને કિશોરીને કાયદાકીય સલાહ આપી હતી. પાલનપુરમાં સુરક્ષિત સ્થળે ખસેડી છે.



### સતલાસણાથી દાંતા રોડ પર ધરોઈ પાઈપમાં ભંગાણ

ઉત્તર ગુજરાતમાં ધરોઈ યોજના માથીપીવાના પાણી ની પાઈપલાઈનમાં માં ભંગાણણ થયુ હતુ. આ પાઈપલાઈનમાંથી ૧૦ ફૂટ ઊંચી પાણીનો ફુવારો છૂટ્યો હતો. પાણી માં ભંગાણ થતા હજારો લીટર બેકાર ગયું હતું. પાઈપ ભંગાણ ના કારણે રોડ ઉપર થી જ ફુવારા જોવા લોકો ના ટોળા ઉમટયા હતા. સતલાસણા પાસે પાણીની મુખ્ય લાઈનમાં આ ભંગાણ થયું હતું.

### જન્મદિને વધામણી



દિપ્તીબેન સંજયભાઈ શાહ
યમુનાકુંજ સોસાયટી
બાયડ જી.અરવલ્લી



ડો. બી. એલ.પટેલ
ડાયરેક્ટર, ગ્રોમોર ફાઉન્ડેશન
હિંમતનગર ,જિલ્લો સાબરકાંઠા



સુનિલભાઈ ગોસ્વામી
બાયડ જીલ્લો અરવલ્લી



મિતુલભાઈ પટેલ
ચેરમેન, વાત્રક દૂધ મંડળી
વાત્રક તા.બાયડ



રીપલભાઈ અમૃતભાઈ પટેલ
શાખા મેનેજર, સાબરકાંઠા બેંક, આંબલીયારા
બાયડ (આકરુદ)



ડો. જીગ્નેશભાઈ પટેલ
પ્રિન્સિપાલ ,સરસ્વતી વિદ્યાલય મોડાસા



મહેશ ભાઈ ચંદ્રકાંતભાઈ શાહ
બાયાડ ગામ ,જીલ્લો અરવલ્લી

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧